ગુજરાતનું ગૌરવ - ગાંધીનગરનું ગૌરવ

# પ્રેરક ત્રિવેદીને આંતરરાષ્ટ્રીય કક્ષાની ઈન્સ્ટીટ્યુટ દ્વારા યંગ ઈન્વેસ્ટીગેટર એવોર્ડ

ગાંધીનગર, તા. ૨૬

ભાવનગરના વતની પ્રેરક ત્રિવેદીએ ટાઈપ-૧ પ્રકારના ડાયાબિટીસ માટે આંતરરાષ્ટ્રીય કક્ષાની સૅન્ટ વિન્સૅન્ટ ઈન્સ્ટીટ્યુટ દ્વારા સંશોધન માટે યંગ ઈન્વેસ્ટીગેટર ઍવૉર્ડ પ્રાપ્ત કરીને સમગ્ર ગુજરાત તથા દેશનું ગૌરવ વધાર્યું છે.

સૅન્ટ વિન્સૅન્ટ ઈન્સ્ટીટ્યુટમાં કાર્યરત યુવા વૈજ્ઞાનિકોના ઉત્કૃષ્ટ યોગદાનને બિરદાવવા માટે પ્રતિષ્ઠિત યુવા સંશોધનકર્યા પુરસ્કાર દર વર્ષે એનાયત કરવામાં આવે છે. આ પુરસ્કારનો ઉદ્દેશ્ય સૌથી આશાસ્પદ અને પ્રતિભાશાળી વૈજ્ઞાનિકોની ઓળખ કરી તેમની વૈજ્ઞાનિક કારકિર્દી માટે ડૉક્ટરેટ/પોસ્ટ ડોક્ટરેટ સ્તરે વિકાસ કરવા માટે ફૅલોશીપ આપવાનો છે.

હાલમાં વિકસિત દેશોના નાગરિકો ટાઈપ-૧ ડાયાબિટીસથી પીડાય છે અને દરરોજ સમગ્ર વિશ્વમાં મોટી સંખ્યામાં બાળકો તેમજ નાના-મોટા તમામ ઉંમરના નાગરિકો ટાઈપ-૧ ડાયાબિટીસનો ભોગ બને છે. દરરોજ મોટી સંખ્યામાં નવા કેસોનું નિદાન થાય છે. ટાઈપ-૧ ડાયાબિટીસનું નિયંત્રણ ખૂબ કપરું છે અને આના કારણે વિશ્વમાં દર્દીઓની મુશ્કેલી વધતી જાય છે. આ પ્રકારના ડાયાબિટીસની આડઅસરને કારણે હૃદય રોગની સમસ્યા, કીડની અને આંખની સમસ્યા તો ક્યારેક અકાળે મૃત્યુ જેવાં વિનાશક પરિણામો ભોગવવાનો વારો આવે છે.



ટાઈપ-૧ ડાયાબિટીસથી પીડાતા લોકોના શરીરમાં શર્કરાના નિયંત્રણ માટે જવાબદાર એવા અંતઃસ્ત્રાવ ઈન્શ્યુલીનની ખામી જોવા મળે છે. ઈન્શ્યુલીનનું ઉત્પાદન સ્વાદુપીંડમાં રહેલા બીટા કોષો દ્વારા થાય છે કે જે નાના કોષોના સમૂહમાં આવેલ હોય છે. ટાઈપ-૧ ડાયાબિટીસમાં પોતાના જ શરીરની રોગપ્રતિકારક શક્તિ ભૂલથી આક્રમણ કરી બીટા કોષોનો નાશ કરે છે. ઈન્શ્યુલીન ઉત્પન્ન કરવાની ક્ષમતાની ગેરહાજરીમાં ટાઈપ-૧ ડાયાબિટીસથી પીડાતા લોકોને તેમના શરીરની શર્કરા સ્તરોનું નિયંત્રણ કરવામાં ઈન્શ્યુલીનના ઈન્જેક્શન પર આધારિત રહેવું પડે છે.

મૂળ ભાવનગરના વતની એવા અને - પૂર્વ રાજ્યકક્ષાના ગૃહમંત્રી અને પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીના પુત્ર પ્રેરક ત્રિવેદીએ સ્નાતક સુધીનો અભ્યાસ ગાંધીનગર ખાતે સ્થિત કે બી ઈન્સ્ટીટ્યુટ ઑફ ફાર્મસી ખાતે કર્યો અને અનુસ્તાનક કક્ષાના ભ્યાસ માટે તેમણે ઓસ્ટ્રેલિયાની સ્વીન બર્ન નામની ખ્યાતનામ યુનિવર્સિટીમાં બાયોટેકનોલોજી વિષયમાં પ્રવેશ લીધો. અભ્યાસ પૂર્ણ કરીને હાલમાં તેઓ ડૉ. હૅલન થૉમસ, ઍસોસિએટ પ્રૉફેસરના માર્ગદર્શન હેઠળ ઈસલેટ બાયોલોજી લેબોરેટરી તથા સૅન્ટ વિન્સૅન્ટ ઈન્સ્ટીટ્યુટના સહયોગથી ટાઈપ-૧ ડાયાબિટીસને નિયંત્રણમાં રાખવા માટે જટિલ પ્રકારનું સંશોધન કરી રહ્યા છે. આ સૂચિત સંશોધન ટાઈપ-૧ ડાયાબિટીસમાં ઈન્શ્યુલીનના સ્ત્રાવ માટે જવાબદાર એવા બીટા કોષોનો નાશ થતા અટકાવવા પર આધારિત છે. તેઓ રોગ પ્રતિકારક શક્તિ માટેના જવાબદાર કોષોના નાશને અટકાવવા માટેની દવા વિકસીત કરવાના પરીક્ષણ સાથે સંકલાયેલા છે, જે બીટા કોષોના નાશ માટે જવાબદાર છે. આ સંશોધનનો મુખ્ય હેતુ ટાઈપ-૧ ડાયાબિટીસથી પીડાતા લોકો માટે નવા ઈલાજ વિકસાવવાનો છે.

જો આ સંશોધન તેમના દ્વારા સફળ થશે તો સમગ્ર વિશ્વમાં ટાઈપ-૧ ડાયાબિટીસથી પીડાતા લોકો માટે નવું આશાનું કિરણ બંધાશે. પ્રેરક ત્રિવેદીને યંગ ઈન્વેસ્ટીગેટર ઍવૉર્ડ પીઍચડી દરમ્યાન તેમની ઉત્કૃષ્ટ વૈજ્ઞાનિક કામગીરી માટે એનાયત કરવામાં આવેલ છે.

આગામી મહિને પ્રેરક એથેન્સ (ગ્રીસ) ખાતે આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં ઉપસ્થિત રહીને તેમના ટાઈપ-૧ ડાયાબિટીસ અંગેનાં સંશોધન તારણો વિશે કોન્ફરન્સમાં તજજ્ઞો સાથે સમલાપ કરશે.

## હીરામણિ સ્કૂલના વિદ્યાર્થીઓ તાલુકા વિજ્ઞાન-ગણિત પ્રદર્શનમાં ઝળક્યા

ગાંધીનગર, તા. ૨૬

તક્ષશિલા શાળા વિકાસ સંકુલ દ્વારા તાલુકા કક્ષાનું વિજ્ઞાન-ગણિત પ્રદર્શન યોજવામાં આવ્યું હતું, જેમાં ૫૧ શાળાઓએ ભાગ લીધો હતો. કુલ ૮૬ પ્રૉજેક્ટ્સ રજૂ થયા હતા.

વિભિન્ન પાંચ પ્રકારમાં પ્રૉજેક્ટ્સને વહેંચવામાં આવ્યા હતા, જે પૈકી 'સ્વાસ્થ્ય, પોષણ અને સ્વચ્છતા વિભાગ'માં હીરામણિ ઉચ્ચતર માધ્યમિક ગુજરાતી શાળાને પ્રથમ ક્રમ મળ્યો હતો. પ્રૉજેક્ટનું નામ પાણીનું શુદ્ધિકરણ હતું, જે ધોરણ૧૧ સાયન્સના વિદ્યાર્થી હિતાર્થ જાની, પ્રિયંક પટેલ દ્વારા તૈયાર કરાયો હતો.

'ઉદ્યોગો વિભાગ'માં હીરામણિ હાયર સૅકન્ડરી અંગ્રેજી માધ્યમ શાળાને પ્રથમ ક્રમ મળ્યો હતો, જેનો 'પ્લાઝમા કટર' નામનો પ્રૉજેક્ટ ધોરણ-૧૧ સાયન્સના વિદ્યાર્થી દિવ્યાંશુ પુરોહિત, જ્વલીન અધ્યારૂ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો.

હીરામણિના આ બંને પ્રૉજેક્ટ જિલ્લા કક્ષાએ રજૂ કરવામાં આવશે.



સૅક્ટર-૨૩ ખાતે કાર્યરત ઍસ જી ઈંગ્લિશ મીડિયમ પ્રાઈમરી સ્કૂલ ખાતે સ્કીટ વિથ ડાન્સનો એક કાર્યક્રમ શનિવારે યોજવામાં આવ્યો હતો, જે દરમ્યાન વિદ્યાર્થીઓએ આવાં સુંદર દૃશ્યોનું નિર્માણ કર્યું હતું. વિદ્યાર્થીઓ ભારતીય સંસ્કૃતિને સમજે તથા પોતાની અભિનય ક્ષમતાને ખીલવે તે આશયથી શિવતાંડવ, ગુરુ ગોવિંદસિંહ, ભગતસિંહ, રામાયણ, મહાભારત, ઈશુ ખ્રિસ્ત, નાગદમન જેવાં પૌરાણિક અને ઐતિહાસિક પાત્રો લઈને આ અભિનય નૃત્યનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રીન હાઉસનો પ્રથમ ક્રમ, રેડ હાઉસનો દ્વિતિય ક્રમ અને બ્લ્યૂ હાઉસનો તૃતિય વિજેતા ક્રમ રહ્યો હતો.

## જીઈબીની સરકારી પ્રાથમિક શાળા ખાતે બાળ સંસદની ચૂંટણી યોજાઈ



ગાંધીનગર, તા. ૨૬

સરકારી પ્રાથમિક શાળા, જીઈબી કૉલોની ખાતે ગાંધીનગરનાં પ્રથમ મહિલા મેયર હંસાબેન મોદી, ઍસઍમસીના સભ્યો, સીઆરસી પ્રકાશભાઈ, ગાંધીનગર યુવા કલ્ચરના વિશાળભાઈ પટેલ, આચાર્ય દિપ્તીબેન વસાવડા તથા શાળા પરિવારની ઉપસ્થિતિમાં આજે બાળ સંસદની ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આપણી ચૂટણી પ્રક્રિયા અનુસાર કમિશનરને આવેદન પત્ર આપવાથી માંડીને બૅલેટ પેપર, પ્રચાર-પ્રસાર, પ્રમુખ મહિલા મતદાન અધિકારી, એજન્ટ્સ, પ્રમુખ અધિકારી, પોલીસ સ્ટાફ, મતદાન કુટિર, મતદાન પેટી તૈયાર કરી ચૂંટણીનો આબેહૂબ માહોલ તૈયાર કરવામાં આવ્યો હતો.

ધોરણ-૧થી ૮ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક મતદાન કર્યું હતું. કુલ ૯૨ ટકા જેટલું મતદાન થયું હતું. મત ગણતરીના અંતે ધોરણ-૮ના વિદ્યાર્થી પ્રકાશભાઈ વણઝારા, સીમરનબેન શેખ, ધર્મેશભાઈ વણઝારાને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

### જન્મદિને વધામણી



પરેશકુમાર ઘનશ્યામભાઈ વ્યાસ
મો. ૯૪૨૭૧ ૨૧૯૮૧



તેજલબેન યોગેશકુમાર પારેખ
મો. ૯૪૨૬૦ ૬૩૪૭૧

### મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧**
મેઝ રનર (હિન્દી)
સવારે ૯.૧૦, ૨.૩૦, ૭.૫૦
ભાગ જોની
૧૨.૦૦, ૫.૨૦
કૅલેન્ડર ગર્લ્સ
૧૦.૪૦

**સ્ક્રીન-૨**
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૯.૪૦, ૩.૪૫,
૬.૪૫, ૯.૪૫
કટ્ટી બટ્ટી
૧૨.૪૫

**સ્ક્રીન-૩**
કિસ કિસ કો પ્યાર કરું
૧૦.૩૦, ૧.૨૫,
૪.૨૦, ૧૦.૦૫
કૅલેન્ડર ગર્લ્સ
૭.૧૫

**સ્ક્રીન-૪**
કૅલેન્ડર ગર્લ્સ
૧૦.૦૦, ૪.૦૦
બાંકિ કી ક્રેઝી બારાત
૧.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

# કૅલેન્ડર ગર્લ્સ : કૅલેન્ડરના લીસ્સા પાનાંઓની પાછળની ખરબચડી બાજુનું નિરૂપણ

''ફિલ્મ 'ફેશન'નો તમારો રિવ્યુ વાંચ્યો, તમે એકવાર મારી ફિલ્મનો પણ રિવ્યુ લખજો હોં...'' સાત વર્ષ પહેલાં મધુર ભંડારકરની ફિલ્મ 'ફેશન'નો રિવ્યુ 'ગાંધીનગર સમાચાર'માં વાંચીને મારા મિત્ર-સહકર્મી વિનોદ મોદીની ટીનએજ દીકરી અવનીએ હસતાં-હસતાં મને આમ કહ્યું હતું... વિધિના લેખ કહો કે યોગાનુયોગ; આજે હું એ ટીનએજર મટીને પરિપક્વ હિરોઈન થઈ ગયેલી અવની મોદીની ફિલ્મનો રિવ્યુ લખી રહ્યો છું...!!! અને મધુર ભંડારકરની ફિલ્મનો જ રિવ્યુ...!!! આજે અવની મોદી મધુર ભંડારકરની હિરોઈન છે !!! હસતાં-હસતાં કહેલી વાતને અવનીએ જોત-જોતામાં વાસ્તવિક સ્વરૂપ આપી દીધું.

તો, અવની મોદીની ફિલ્મનો રિવ્યુ... રિયલ-વ્યુ...

મધુર ભંડારકર હિરોઈન કેન્દ્રીય ફિલ્મોના નિર્માણ માટે જાણિતા છે. મુંબઈના ખાર વિસ્તારમાં એક વિડિયો લાયબ્રેરીમાં કામ કરીને કારકિર્દીની શરૂઆત કરનાર મધુર ભંડારકરે રામ ગોપાલ વર્માના સહાયક તરીકે ફિલ્મોમાં એન્ટ્રી મારી. 'ત્રિ-શક્તિ'નામની અત્યંત ફ્લોપ ફિલ્મથી શરૂઆત કર્યા પછી બીજી જ ફિલ્મ 'ચાંદની બાર' (વર્ષ-૨૦૦૧)માં પોતાની આગવી ઓળખ સ્થાપિત કરીને નેશનલ એવોર્ડ હાંસલ કરનાર મધુર ભંડારકરે 'પેજ-થ્રી' (૨૦૧૫), 'ટ્રાફીક સિગ્નલ' (૨૦૦૭) અને 'ફેશન' (૨૦૦૮) જેવી શ્રેષ્ઠ ફિલ્મો આપી છે. 'કોર્પોરેટ' અને 'હિરોઈન' પણ મધુર ભંડારકરની જ ફિલ્મો છે... આ બધી જ ફિલ્મોમાં મધુર ભંડારકરે સમાજની બીજી બાજુ-સિક્કાની બીજી બાજુ દેખાડવાનો અસરકારક પ્રયત્ન કર્યો છે. ચમક-દમક અને આંખો આંજી નાખતી ચકાચોંધ પાછળ ખરેખર કેવું અંધારું છુપાઈને પડ્યું છે તેની તરફ મધુર ભંડારકરે અંગુલી નિર્દેશ કર્યો છે. સંગીતા આહિર સાથે મળીને નિર્માતા મધુર ભંડારકરે રૂા.૯ કરોડના ખર્ચે તૈયાર કરેલી ફિલ્મ 'કેલેન્ડર ગર્લ' આ જ પ્રકારની વધુ એક ફિલ્મ છે.

મધુર ભંડારકરે પોતાની તમામ ફિલ્મોમાં જો કે અલગ-અલગ વિષયો પર પ્રકાશ પાડ્યો છે. બાર ગર્લની વાસ્તવિક્તા 'ચાંદની બાર'માં તો સમાજના કહેવાતા મોભીઓની વાસ્તવિક્તા 'પેજ-થ્રી'માં રજૂ કરી છે. ફેશન જગતની વાત 'ફેશન'માં અને કોર્પોરેટ વર્લ્ડની કાદવ ઉછાળ 'કોર્પોરેટ'માં. હિરોઈનની ચમક-દમક પાછળની પીડા 'હિરોઈન'માં દર્શાવી છે એમ જ કેલેન્ડરના લીસ્સા પાને ચમકી જતી મોડેલ્સના અંગત જીવન અને વાસ્તવિક જિંદગી કેટલી ખરબચડી છે તેનું અસરકારક અને સંવેદનશીલ નિરૂપણ એટલે 'કેલેન્ડર ગર્લ્સ'.

આખ્ખો દેશ જાણે છે કે, 'કેલેન્ડરો' બનાવવામાં અને બનાવવામાં કિંગફીશર જેવી એરલાઈન્સને હવામાંથી ઉતારી લેનાર વન્સ અપોન એ ટાઈમ બિઝનેસ ટાયફૂન વિજય માલયા યુનાઈટેડ બેવરેઝીસ નામની ભારતની નંબર-૧ લીકર કંપનીને કારણે હવામાં છે. ભારતના ટૉપ ફેશન ફોટોગ્રાફર અતુલ કસ્બેકર સાથે મળી વિજય માલયા દર વર્ષે કિંગ ફીશર કેલેન્ડર બહાર પાડે છે. દારૂ બનાવતી કંપનીના કેલેન્ડરમાં દેવી-દેવતાઓની તસવીરો તો ન જ હોય...! (જોતાં જ આંખોમાં 'દેવતા' જેવી આગ લાગી જાય એવી તસવીરો હોય એ અલગ વાત છે !) ઓછામાં ઓછા વસ્ત્રોથી અંગને વધુમાં વધુ કેટલું ઢાંકી શકાય એની સ્પર્ધા સમા આ કેલેન્ડરના પાને પ્રસિધ્ધ થવા ભારતની ટૉપ મોડેલ્સ પણ ટળવળતી હોય છે ! ઈતિહાસ પણ ગવાહ છે કે એકવાર કિંગ ફીશરની કેલેન્ડર ગર્લ બનો પછી ભારતના ગ્લેમર વર્લ્ડનું બાકોરું ખુલી જતું હોય છે. અત્યારની સુપરસ્ટાર દિપીકા પદુકોણ પણ કિંગફીશરની કેલેન્ડર ગર્લ હતી, જે જાણ સારુ...

ભારતના ઝળહળતા જગતના અંધારા ખૂણામાં લઈ જતા ફિલ્મ દિગ્દર્શક મધુર ભંડારકર 'કેલેન્ડર ગર્લ્સ' ફિલ્મમાં વિજય માલયા અને અતુલ કસ્બેકરના કેલેન્ડરના પાંચ પાનાની પાછળની બાજુએ લઈ ગયા છે. મુંબઈમાં મોડેલ-અભિનેત્રી બનવાના શમણા જોતી ભારતના નાના-નાના શહેરોની અનેક છોકરીઓનું પ્રતિનિધિત્વ કરે છે... રોહતકની મયુરી ચૌહાણ (રિયલ નામ-રૂહી સિંઘ), કોલકત્તાની પરોમા ઘોષ (શૉતરૂપા પાયન), ગોવાની શૅરોન વિન્ટો (કાયરા દત્ત) હૈદરાબાદની નંદીતા મેનન (આકાંક્ષા પુરી) અને લાહોરની નાઝનીન મલિક. (એટલે કે આપણી અવની મોદી). પાંચ છોકરીઓ 'કેલેન્ડર ગર્લ' તરીકે પસંદગી પામે છે. મુંબઈમાં બિઝનેસમેન રૂષભ કુકરેજા (વિજય માલયા બનેલા અભિનેતા કમ બ્રાન્ડ એડવાઈઝર સુહેલ શેઠ) ને મળે છે, અને કેલેન્ડરના ફોટોશૂટ માટે ફોટોગ્રાફર ટીમ્મી સેન (અતુલ કસ્બેકરની ભૂમિકામાં રોહિત રોય) સાથે મોરેશિયસ જાય છે. પાંચ સામાન્ય છોકરીઓ કેલેન્ડર ગર્લ બનતાં જ અસામાન્ય બની જાય છે. પોતપોતાની પાછળ વરવી વાસ્તવિક્તા અને પરિવારની હૂંફ છોડીને મુંબઈ આવેલી છોકરીઓની આસપાસ ગ્લેમર છે, સુખ-સાહ્યબી છે, ચાહકોની ભીડ છે પરન્તુ કોરી ખાતી એકલતા છે. પોતાનું કહી શકાય એવું આ કેલેન્ડર ગર્લ્સ પાસે એ પાંચ સિવાય કોઈ નથી. હવે એ એકલી પાંચ કન્યાઓ જ પરિવાર છે...

પાંચ કેલેન્ડર ગર્લ્સને પોતપોતાની કારકિર્દી છે. પોતપોતાના જીવન મૂલ્યો અને પારિવારિક બૅકગ્રાઉન્ડ-ઉછેરના ઓછાયામાં આ કન્યાઓ પાતાની કારકિર્દી પાટે ચઢાવે છે... પણ કેટવૉક કરતી કન્યાઓનું જીવન કંઈ 'કૅક વૉક' નથી. સુંવાળી દેખાતી જિંદગી રોજ ઉઝરડા પાડે છે. સતત સ્મિત વેરતા મહોરા પાછળ આંસુ સારી-સારીને સૂઝી ગયેલી આંખો છે. સ્વયંને સફળ હોવાનો અહેસાસ આપવા દારૂના નશામાં ડૂબવાના દિવસો છે... કેલેન્ડર ગર્લ્સની આ વાસ્તવિક્તા છે.

રોહતકની મયુરી ચૌહાણ હિન્દી ફિલ્મોમાં અભિનેત્રી બનવા સંઘર્ષ કરે છે. હિરોઈન બનવા કેવા-કેવા દાવ અને પેચ કરવા પડે છે અને પૈસા કમાવા ક્યાં-ક્યાં જવું પડે છે એ રૂહી સિંઘની ભૂમિકા છે. મૂળ રાજસ્થાન-જયપુરની આ છોકરી રિયલમાં ગાયિકા બનવા મુંબઈ આવી હતી. સૌંદર્ય સ્પર્ધામાં ભાગ લેતા-લેતા રૂહી સિંઘ ૨૦૧૧ અને ૨૦૧૨માં મિસ ઈન્ડિયા સ્પર્ધાની ટૉપ-૨૦માં પહોંચી હતી. મિસ મોડેલ ઑફ ધી વર્લ્ડ (ચીન-૨૦૧૧) અને મિસ યુનાઈટેક નેશન્સ (મિયામી-૨૦૧૨)માં રૂહી એ ભારતનું પ્રતિનિધિત્વ પણ કર્યું હતું. 'ધી વર્લ્ડ બિફોર મી' નામની કેનેડીયન ડૉક્યુમેન્ટરી ફિલ્મમાં રૂહીનો અભિનય જોયા પછી મધુર ભંડારકરે તેને 'કેલેન્ડર ગર્લ' બનાવી.

કોલકત્તાની પરોમા ઘોષ કોલકત્તામાં સામાન્ય પરિવાર સાથે રહે છે. તેનો અતિ મહત્વાકાંક્ષી બોયફ્રેન્ડ તેને છોડીને પોતાની કારકિર્દી ઘડવા કોલકત્તાથી મુંબઈ ભાગી જાય છે. પરોમા પણ કંઈક કરી દેખાડવા પોતાના પરિવારની ઉપરવટ જઈને કેલેન્ડર ગર્લ બનવા મુંબઈ આવે છે. મુંબઈમાં કેલેન્ડર ગર્લ બન્યા પછી તેનો મહત્વાકાંક્ષી પ્રેમી પુનઃ તેને શોધી કાઢે છે. પૈસા અને સફળતા માટે કંઈ પણ કરી શકવા સમર્થ મહત્વાકાંક્ષી પ્રેમી સાથે મધુર ભંડારકરે આઈ.પી.એલ લીગ ક્રિકેટમાં વ્યાપ્ત કૌભાંડોને ઉજાગર કર્યા છે. અઝહરૂદ્દીન, શ્રીસાન્થ અને મૈયપ્પન જેવા પાત્રોને મધુર ભંડારકરે




બહાદુરીપૂર્વક રજૂ કર્યા છે. રિયલમાં પણ કોલકત્તાની જ શૉતરૂપા પાયને આ ભૂમિકા સરસ રીતે નિભાવી છે.

ગોવાની શૅરોન પિન્ટો મોડેલ અને અભિનેત્રી બનવા સંઘર્ષ કરે છે પરન્તુ તેને કાસ્ટીંગ કંપનીઓના કડવા અનુભવોમાંથી પસાર થવું પડે છે. બાંધ-છોડ કરવા માટે અસમર્થ શૅરોન પિન્ટોની કારકિર્દી તેને અલગ જ માર્ગે લઈ જાય છે. રિયલમાં કોલકત્તાની કાયરા દત્ત રિયલમાં પણ વિજય માલયાની કેલેન્ડર ગર્લ રહી ચુકી છે. અનેક ટૉપ બ્રાન્ડસની મોડેલ રહી ચુકેલી કાયરા દત્ત ભારતની એ અભિનેત્રી છે, જેણે નિર્માત્રી એકતા કપૂર સાથે તેની આગામી ફિલ્મ 'ટ્રીપલ એક્સ' માટે ન્યુડીટી ક્લૉઝના કરાર પર સૌપ્રથમ હસ્તાક્ષર કર્યા છે. (આ કરાર એટલે પાછળથી હિરોઈને ન્યુડીટી વાળા સીનના શૂટીંગ વખતે કોઈ પણ પ્રકારના નખરાં નહીં કરવાનો કરાર !) કાયરા દત્ત માટે 'કેલેન્ડર ગર્લ' પોતાની ડૉક્યુમેન્ટરી ફિલ્મ જ છે.

હૈદરાબાદની નંદીતા મેનન કેલેન્ડર ગર્લ બન્યા પછી કારકિર્દીની શરૂઆત કરે છે, ત્યાં જ રાજસ્થાનનો એક યુવાન બિઝનેસમેન તેને લગ્નની ઑફર કરે છે. મબલખ નાણા માટે નંદીતા મેનન લગ્ન કરી લે છે, પરન્તુ ઠરીઠામ થતી નથી. માલેતુજાર સાથે લગ્ન તો થઈ જાય, પણ પછી કેવા હાલ થાય એનું આપણી આસપાસનું હાથવગુ ઉદાહરણ અભિનેત્રી કરિશ્મા કપૂર છે. નંદીતા મેનન આવી જ કન્યાઓનું પ્રતિનિધિત્વ કરે છે. રિયલમાં ઈન્દોર-ભોપાલ (મધ્યપ્રદેશ)ની આકાંક્ષા પુરીએ આ ભૂમિકા સરસ ભજવી છે. આકાંક્ષા પુરી પણ રિયલમાં વિજય માલયાની કિંગ ફીશર એરલાઈન્સની એર હૉસ્ટેસ રહી ચુકી છે.

અને હવે આવે છે આપણી અવની મોદી... મૂળ લાહોરની પણ પોતાના પ્રેમી સાથે લંડનમાં સ્થાયી થવાનો પ્રયત્ન કરતી મુસ્લિમ ગર્લ નાઝનીન મલિક જીવનને એક ચાન્સ આપવા 'કેલેન્ડર ગર્લ' બનવા મુંબઈ આવવા માગે છે. નાઝનીનનો રૂઢીચુસ્ત પ્રેમી ના પાડે છે, અને નહીં બોલવાના શબ્દો બોલે છે. નાઝનીન ગુસ્સામાં પોતાના પ્રેમીને તમાચો ચોડીને લંડનના બારણા કાયમ માટે બંધ કરીને મુંબઈ આવે છે. કેલેન્ડર ગર્લ નાઝનીન મલિકને પાકિસ્તાની કલાકારોને ભારતમાં કામ કરતા રોકવા આંદોલનો કરતા લોકોના રોષનો ભોગ પણ બનવું પડે છે. પાકિસ્તાની કન્યાને ભારતમાં કામ મળવું મુશ્કેલ બને છે. લંડનનો દરવાજો કાયમ માટે બંધ છે... એવામાં આ કન્યા પાસે 'બીજા' કોઈ માર્ગો નથી. જીવનમાં રોશની ટકી રહે એ માટે નાઝનીન મલિકને કેવા અંધકારભર્યા માર્ગે ચાલવું પડે છે, તેનો સુંદર અભિનય અવની મોદીએ કર્યો છે. અવની મોદી બહુ જ ઓછા સંવાદોમાં માત્ર હાવભાવ અને અભિનયથી અસરકારક છાપ છોડી જાય છે. 'કેલેન્ડર ગર્લ્સ'માં ચાર દૃશ્યો તો એવા છે, જ્યાં અવની મોદી હિન્દી ફિલ્મોની સશક્ત અભિનેત્રી મીતા વશિષ્ઠ સાથે સ્ક્રીન શેર કરે છે. મીતા વશિષ્ઠ સાથેના દૃશ્યોમાં પણ અવની મોદીએ બરાબરીની ટક્કર ઝીલી છે.

આપણા ગાંધીનગરની અવની મોદીની અભિનેત્રી બનવા સુધીની સફર વિષે તો ઘણું-ઘણી જગ્યાએ લખાયું છે એટલે પુનરાવર્તન નથી કરતો, પરન્તુ એટલું ચોક્કસ કહેવું પડે કે અવની મોદીને આપણે હવે 'નવોદિત' ન કહી શકીએ. સૌપ્રથમ હિન્દી ફિલ્મમાં જ અવની મોદીએ અભિનયની જે પાકટતા દર્શાવી છે એને જરાય પણ 'નવોદિત'ની કક્ષામાં ન મુકી શકાય. અવની પ્રત્યે 'બાયસ' થયા વિના સાવ તટસ્થતાપૂર્વક કહું તો અવની એ પોતાની જાતે પોતાની જાતને તરાશી છે. જાતે પોતાનું ઘડતર કર્યું છે. પહેલી જ ફિલ્મમાં અવની પ્રભાવક અભિનય કરીને પ્રેક્ષકો પર અમીટ છાપ છોડવામાં સફળ થઈ છે. નાઝનીન મલિક તરીકે અવની મોદી ફિલ્મમાં એક ડાયલોગ બોલે છે, 'પાકિસ્તાની લડકીયાં ભી ઈતની હી બોલ્ડ હૈ જીતની બાકી લડકીયાં...' (આપણે અહીં 'પાકિસ્તાની'ની જગ્યાએ 'ગાંધીનગર કી' સાંભળવું !) અવનીએ બોલ્ડ દૃશ્યો પણ ખૂબજ આત્મવિશ્વાસપૂર્વક ભજવ્યા છે. તમામ માટે અવનીને અભિનંદન અને ફિલ્મી જીવનની જ્વલંત સફળતા માટે શુભકામનાઓ...

મધુર ભંડારકરની ફિલ્મો સમાજ સામે ધરાયેલો અરિસો છે. મધુર ભંડારકરની ફિલ્મો ક્યારેય 'જજમેન્ટલ' નથી હોતી. સમાજમાં શું-શું થાય છે તેનું વાસ્તવિક નિરૂપણ જ તેની ફિલ્મોમાં હોય છે. સમાજની તમામ સમસ્યાઓનો ઉકેલ ક્યારેક હોય છે, દર વખતે નથી પણ હોતો. પરન્તુ જિંદગી ચાલ્યા કરે છે. મધુર ભંડારકરની ફિલ્મો ૭૫ ટકા ડૉક્યુમેન્ટરી અને માત્ર ૨૫ ટકા જ ફિલ્મી હોય છે. 'કેલેન્ડર ગર્લ્સ'માં પણ ૭૫ ટકા તો વાસ્તવિક્તા જ છે. મધુર ભંડારકરની 'ચાંદની બાર' કે 'પેજ-થ્રી' કે 'ફેશન' જેવી અસરકારકતા 'કેલેન્ડર ગર્લ્સ'માં નથી. જે વેદના અને સંવેદના મધુર ભંડારકરની અગાઉની ફિલ્મોમાં અનુભવાઈ છે એવી અને એટલી આ ફિલ્મમાં અનુભવાતી નથી.

'કેલેન્ડર ગર્લ્સ'નું સંગીત બે સંગીતકારોએ આપ્યું છે. મીત બ્રધર્સ અંજાન અને અમાલ મલિકના સંગીત દિગ્દર્શનમાં કવિ કુમારે ('કટ્ટી બટ્ટી'ના ગીતો વખતે જેનો ઉલ્લેખ હતો, તે જ કુમાર) લખેલા ગીતો એકાદવાર સાંભળવા ગમે તેવા છે. કુમારનું લખેલું ગીત 'ખ્વાબોં ભી યે સોચા નહીં થા કી ધૂપ ભી મિલેગી છાંવ મેં, કભી રાસ્તોં મેં ભી સોચા નહીં થા કી કાંટે ભી ચૂભેગે પાંવ મેં... કહાં લે આઈ ખ્વાઈશેં, હૈ દર્દ કી જો બારીસેં, હૈ ગલતી દિલ કી, યા ફીર હૈ વક્ત કી યે સાઝીશેં... કૂછ પીછે છૂટા હૈ, કૂછ હૈ જો તૂટા હૈ...' અરિજીત સિંઘના અવાજમાં સાંભળવું ખૂબ જ ગમે તેવું છે. 'વી વીલ રોકી ધ વર્લ્ડ...', 'ઑશમ મોરા માહીયાં..' અને 'શાદી વાલી નાઈટ...' ઠીક છે.. રોહિત કુલકર્ણીનું બેક ગ્રાઉન્ડ મ્યુઝિક પણ સામાન્ય છે. હેરી વેદાન્તમ્‌ની સિનેમેટોગ્રાફી અને દેવેન્દ્ર મુર્દેશ્વરનું એડીટીંગ પણ એવરેજ છે, એમાં વિશેષતા નથી.

ગાંધીનગરની અવની મોદીની પહેલી ફિલ્મ. એ નાતે આપણે 'કેલેન્ડર ગર્લ્સ' જોવી જ પડે. બાકી, મધુર ભંડારકરની વાસ્તવવાદી ફિલ્મોની જેનરની આ ફિલ્મ ભલે એક્સ્ટ્રા ઑર્ડિનરી નથી પરન્તુ જોનારાઓને નિરાશ કરે એવી તો નથી જ.



